દિવ્ય ભાસ્કર, પાના નં. ૦૨, તા. ૧૭. ૦૫-૨૦૨૪

### કોઈપણ વિસ્તારના નજીકના AMTS સ્ટોપથી મેટ્રો સ્ટેશનની કનેક્ટિવિટી મળશે

# મેટ્રો સ્ટેશને જવા માટે રિક્ષાની ઝંઝટમાંથી છુટકારો મળશે, મ્યુનિ. ફીડર બસ શરૂ કરશે

ઇન્ફ્રા રિપોર્ટર | અમદાવાદ

શહેરના લોકો મેટ્રોનો સરળતાથી લાભ લઈ શકે તે માટે અંતરિયાળ વિસ્તારથી મેટ્રો સ્ટેશન સુધી ફીડર બસ શરૂ કરવા સ્ટેન્ડિંગ કમિટીએ સૂચના આપી છે. ટૂંક સમયમાં શહેરના તમામ વિસ્તારમાંથી ફીડર બસ શરૂ કરાશે.

મેટ્રોનો ઉપયોગ કરવા માટે લોકો પાસે હાલ મેટ્રો સ્ટેશન સુધી પહોંચવા હાલ કોઈ વિકલ્પ નથી. આ ઉપરાંત પાર્કિંગની પણ સમસ્યા છે. મેટ્રો સ્ટેશન સુધી કનેક્ટિવિટીનો પ્રશ્ન હલ કરવા માટે ફીડર બસ રૂટ અત્યંત ઉપયોગી થઈ શકશે. એએમટીએસને આ માટે સૂચના આપવામાં આવી છે. લોકો પોતાના ઘર નજીકના બસ સ્ટોપથી બેસી જે-તે મેટ્રો સ્ટેશન સુધી પહોંચી શકે તે માટે ફીડર બસ ઉપયોગી થશે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીના જણાવ્યા અનુસાર, એએમટીએસને ફીડર બસ દોડાવવા માટે તમામ રૂટનો સરવે કરવાનું કહેવામાં આવ્યું છે. સરવેને આધારે પશ્ચિમ અમદાવાદ તેમજ પૂર્વ અમદાવાદના વિસ્તારોમાં ફીડર બસ કઈ રીતે દોડાવવી તેની યોજના ઘડવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના જણાવ્યા અનુસાર એકાદ અઠવાડિયામાં જ ત્રણ સ્થળે ફીડર બસ શરૂ થઈ જશે. હાલ વસ્ત્રાપુરથી અંધજન મંડળ, હેલમેટ સર્કલ અને ત્યાંથી થલતેજ તરફ તેમજ આગળના મેટ્રો સ્ટેશન સુધીનો એક રૂટ અને વસ્ત્રાલથી મેમનગર તરફ ફીડર બસનો બીજો રૂટ ચાલે છે.

## ઓછા ખર્ચે મેટ્રો સ્ટેશન પહોંચી શકાશે

**ભાસ્કર Explainer**

ફીડર રૂટથી મેટ્રોની કનેક્ટિવિટીની સમસ્યા ઉકલી જશે. હાલ વસ્ત્રાલથી થલતેજ કોરિડોર અને વાસણા એપીએમસીથી મોદી સ્ટેડિયમ એમ બે રૂટ પર મેટ્રોના કુલ 33 સ્ટેશન આવેલાં છે. હાલ માત્ર બે સ્ટેશન કાર્યરત નથી. કનેક્ટિવિટીની વાત કરીએ તો મણિનગર રહેતી કોઈ વ્યક્તિએ મેટ્રોમાં જવું હોય તો કાંકરિયા અથવા એપરલ પાર્ક સ્ટેશને જવું પડે. આ માટે એએમટીએસની બસ અથવા રિક્ષા પકડવી પડે. રિક્ષામાં જવું હોય તો લગભગ 30થી 40 રૂપિયા ખર્ચવા પડે. પરંતુ ફિડર રૂટ હોય તો ઓછા ખર્ચે સીધી કનેક્ટિવિટી મળી જાય. મેટ્રોમાં રોજના સરેરાશ 80 હજાર લોકો અવરજવર કરે છે. સૌથી વ્યસ્ત રૂટ વસ્ત્રાલથી થલતેજનો ગણાય છે. ફીડર રૂટ શરૂ થયા પછી મેટ્રોમાં અવરજવર કરતા લોકોની સંખ્યા પણ વધી જશે. કારણ કે મેટ્રો સ્ટેશને જવા માટે એક સરળ વિકલ્પ મળી રહેશે. ઉદાહરણ તરીકે ઈસ્ટ-વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલથી આગળના વિસ્તારો માટે ફીડર બસ શરૂ કરવામાં આવે તો ત્યાંના લોકોને વસ્ત્રાલ સ્ટેશનની કનેક્ટિવિટી સરળતાથી મળી રહે.